
શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પ્લેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ દશમ બુધવાર ૨૪ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૬

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# અમેરિકાની નાગરિકતા માટે ફીમાં ૭૫ ટકા વધારાની દરખાસ્ત

**ભારતીયોને** આ અરજી કરવા માટે રૂ. એક લાખ જેટલી ફી ભરવી પડી શકે છે

**જો આ** દરખાસ્ત મંજૂર થાય તો લાખો ભારતીયોને અસર થશે

**નાગરિકતા** નકારાયા બાદ અપીલ કરવી પણ થઇ જશે મોંઘી

**વૉશિંગ્ટન, તા. 23 :** અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS) દ્વારા ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત કરવામાં આવેલી દરખાસ્તમાં, યુ.એસ. સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ(USCIS) દ્વારા નાગરિકત્વ માટે લેવાતી ફીના માળખામાં કેટલાક મહત્વપૂર્ણ ફેરફારોની ભલામણ કરવામાં આવી છે. જેમાં અમેરિકાની નાગરિકતા માટેની અરજીની ફીમાં ૭૫ ટકા જેટલો વધારો કરવાની દરખાસ્ત છે.

આ દરખાસ્તનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકત્વની પ્રક્રિયાના ખર્ચને અન્ય ઈમિગ્રેશન સેવાઓની ફીમાંથી સબસિડી આપવાનું બંધ કરવાનો છે, અને તેના બદલે લાભાર્થી દ્વારા ચૂકવણી મોડેલ અપનાવવાનો છે. DHS ના જણાવ્યા અનુસાર, આનાથી પ્રક્રિયાનો સંપૂર્ણ ખર્ચ વસૂલ કરી શકાશે. આ દરખાસ્તમાં મુખ્ય નાગરિકત્વ ફોર્મ માટે સીધો રૂ. ૪૭,૦૦૦ ($૫૭૦) નો વધારો સૂચવાયો છે, ફોર્મ N-400 (નાગરિકત્વ માટેની અરજી) પેપર ફાઈલિંગ ફીમાં ૭૫% નો વધારો થશે, જે $૭૬૦ થી વધીને $૧,૩૩૦ (આશરે રૂ. ૧,૧૦,૦૦૦) થઈ જશે. ફોર્મ N-400 ઓનલાઈન ફાઈલિંગ માટેની ફીમાં ૮૦% નો વધારો થશે, જે $૭૧૦ થી વધીને $૧,૨૮૦ (આશરે રૂ. ૧,૦૬,૦૦૦) થઈ જશે. નાગરિકત્વ નકારવામાં આવે ત્યારે અપીલ કરવાની ફીમાં $૬૪૫ નો વધારો થશે.

પેપર અરજી માટે આ ફી $૮૩૦ થી વધીને $૧,૪૭૫ અને ઓનલાઇન માટે $૭૮૦ થી વધીને $૧,૪૨૫ થઈ જશે. ભૂતકાળમાં, ઓછી આવક ધરાવતા કાયમી રહેવાસીઓ પણ નાગરિકત્વ મેળવી શકે તે માટે USCIS દ્વારા આર્થિક રાહત આપવામાં આવતી હતી. આ નવા નિયમ હેઠળ આ ફોર્મ્સ માટેની રાહતો સંપૂર્ણપણે નાબૂદ કરવાની યોજના છે. ઓછી આવક ધરાવતા અરજદારોને મફતમાં અરજી કરવા દેતી આવક-આધારિત ફી માફીની સિસ્ટમ હટાવી દેવામાં આવશે. અમેરિકામાં લાખો ભારતીયો હંગામી વિઝાઓ પર વસે છે અને તેનો નાગરિકતા માટે અરજી કરતા હોય છે આથી ભારતીય સમુદાય પર આની મોટી અસર થઇ શકે છે.

આ નિયમ હજુ લાગુ થયો નથી. આ માત્ર એક પ્રસ્તાવિત નિયમ તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે અને તેના પર જનતાના અભિપ્રાય માટે ૬૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

### સરકારે 111 જિલ્લાઓને અતિ સંવેદનશીલ જાહેર કર્યા

## ચોમાસામાં 43%ની ઘટથી ખરીફ પાક પર સંકટ

111 જિલ્લાઓ એવા છે જ્યાં સિંચાઈની સુવિધા 25 ટકાથી પણ ઓછી, તેમાં મહારાષ્ટ્રના 20 જિલ્લા સામેલ

**ગુજરાત,** મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ સહિત 12 રાજ્યોના 315 જિલ્લાઓમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની શક્યતા

**હવામાન** વિભાગની આગાહી મુજબ 2 જુલાઈ સુધી ચોમાસું નબળું રહેવાની શક્યતા

**દેશ** કોઈપણ પડકારનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સજ્જ: કૃષિ મંત્રી

**નવી દિલ્હી, તા. 22 (PTI):** અલ નીનોના કારણે દેશમાં ચોમાસાના વરસાદમાં 43 ટકાની મોટી ઘટ નોંધાતાં ખરીફ પાકના વાવેતર પર મોટો ખતરો તોળાઇ રહ્યો છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મંગળવારે જણાવ્યું કે, પાકને નુકસાન થવાની સંભાવના ધરાવતા દેશના 111 જિલ્લાઓને 'અતિ સંવેદનશીલ' તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે. હવામાન વિભાગ (IMD)ની આગાહી મુજબ 2 જુલાઈ સુધી ચોમાસું નબળું રહેવાની શક્યતા છે, જેના કારણે ખેડૂતો પાસે ખરીફ પાકના વાવેતર માટે ખૂબ ઓછો સમય બચશે. 22 જૂન સુધીમાં દેશમાં કુલ વાવેતર વિસ્તારના 10 ટકાથી પણ ઓછા ભાગમાં એટલે કે 11.99 મિલિયન હેક્ટરમાં વાવેતર થયું છે, જે ગયા વર્ષના 11.79 મિલિયન હેક્ટર કરતાં સહેજ વધુ છે. નબળા ચોમાસાની શક્યતા હોવા છતાં, દેશ કોઈપણ

...અનુસંધાન પાના 11 પર

### રાજ્યોને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા કહેવાયું

હાલમાં ડેમોમાં પાણીની સપાટી ગયા વર્ષ કરતાં વધુ છે પરંતુ તે ઘટી રહ્યું છે. આથી રાજ્યોને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અને ગ્રામીણ રોજગાર મિશન (વીબી-જીરામ જી) હેઠળ તળાવો તેમજ ચેકડેમો સાફ કરવા જણાવાયું છે. પ્રભાવિત જિલ્લાઓમાં પીવાના પાણીના પુરવઠાને સર્વોચ્ચ અગ્રતા આપવા અને જરૂર પડે તો પાણીની અછતવાળા વિસ્તારોમાં પાણી ટ્રાન્સફર કરવાની વ્યવસ્થા કરવા જણાવ્યું છે. ઓળખાયેલા રાજ્યોમાં પાક વીમા યોજના અને કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ વ્યાપક નોંધણી કરાવવા માટે અપીલ કરવામાં આવી છે. સરકારે રિયલ-ટાઇમ મોનિટરિંગ માટે એક 'અલ

...અનુસંધાન પાના 11 પર



■ વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને યુએસ પ્રતિનિધિ જેમિશન ગ્રીર વચ્ચે વાણિજ્ય ભવનમાં મહામંથન; ૨૪ જુલાઈ પહેલા વચગાળાની ડીલ પર નજર

## ભારત-અમેરિકા વચ્ચે ઉચ્ચ સ્તરીય વેપાર મંત્રણાનો આરંભ

**દિલ્હી** આવેલા અમેરિકી પ્રતિનિધિઓ સાથે મંત્રણા શરૂ થઇ, ૨૪ જુલાઇ પહેલા વચગાળાના વેપાર કરારને આખરી ઓપ આપવાના પ્રયાસો

**નાણા મંત્રી** સીતારમણે પણ અમેરિકી પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા કરી

**નવી દિલ્હી, તા. ૨૩ (PTI):** ભારત અને અમેરિકાએ મંગળવારે ઉચ્ચ સ્તરીય વેપાર મંત્રણા શરૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય ચાલુ વર્ષની શરૂઆતમાં વાટાઘાટો કરાયેલા માળખાને અમેરિકાની ટેરિફ નીતિમાં ફેરફારોને કારણે મોટો ઝટકો લાગ્યા બાદ, સૂચિત દ્વિપક્ષીય વેપાર કરારને બચાવવાનો અને તેને પુનઃવ્યવસ્થિત કરવાનો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે અહીં અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમિશન ગ્રીર સાથે મુલાકાત કરી હતી, જ્યારે કે બંને પક્ષો ૨૪ જુલાઈ પહેલા વચગાળાના વેપાર કરારને આખરી ઓપ આપવા માંગે છે, જ્યારે વોશિંગ્ટન દ્વારા તેના વેપારી ભાગીદારો પાસેથી આયાત પર લાદવામાં આવેલી કામચલાઉ ૧૦ ટકા ટેરિફની મુદત પૂરી થવા જઈ રહી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે,

...અનુસંધાન પાના 11 પર

### દિલ્હી ડાયરી



**સુનીલ બંસલઃ ભાજપના 'ઇલેક્શન એન્જિનિયર'**

ઉત્તર પ્રદેશથી લઈને પશ્ચિમ બંગાળ સુધી આ ઇલેક્શન એન્જિનિયરનું સ્વ-વિકસિત 'બંસલ મોડલ' સુપર હિટ રહ્યું છે. આ ઇલેક્શન એન્જિનિયર બીજા કોઈ નહીં પણ ભાજપના જનરલ સેક્રેટરી (મહામંત્રી) સુનીલ બંસલ છે, જેઓ પાયાના સ્તરના અને ચૂંટણીના માઇક્રો-મેનેજમેન્ટમાં મહારત ધરાવે છે. તેમની ચૂંટણી વ્યૂહરચના અને બૂથ મેનેજમેન્ટની ફોર્મ્યુલા ભાજપમાં છેલ્લાં ૧૨-૧૩ વર્ષોમાં એટલી સફળ રહી છે કે પાર્ટી અને આરએસએસ બંનેએ તેને 'બંસલ મોડલ' નામ આપ્યું છે. પશ્ચિમ બંગાળમાં ભાજપની બેઠકો બેથી વધારીને ૨૦૭ના જાદુઈ આંકડા સુધી પહોંચાડવાનો મોટો શ્રેય પણ આ ચૂંટણી વ્યૂહરચનાકારને જાય છે. તેમના નજીકના લોકોનો દાવો છે કે, તેઓ તેમની ૧૫૦૦ લોકોની સમર્પિત ટીમ સાથે સતત ૧૬થી ૧૮ કલાક કામ કરે છે. આ દરમિયાન તેઓ મેરેથોન ચૂંટણી વ્યૂહરચનાઓ ઘડે છે અને પછી તેને જમીની સ્તર પર લાગુ કરે છે. આ વિશાળ ડેટાબેઝ અને તેના વિશ્લેષણમાંથી મળેલી આંતરદૃષ્ટિ પર કામ કરીને બંસલે અગાઉ ઉત્તર પ્રદેશમાં ભાજપને ચાર ચૂંટણીઓમાં સફળતા અપાવી છે. ૨૦૧૪થી ૨૦૨૨ સુધી લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાજપે આ જ 'બંસલ મોડલ'ના જોરે નોંધપાત્ર

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૩-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૬° સે. | ૨૯.૨° સે. | ૩૯% |

## અમેરિકા-ઈરાન મંત્રણા પર હવે અણુ મથક નિરીક્ષણ વિવાદનો ઓછાયો

**ઇરાન** તેના અણુ મથકોનું નિરીક્ષણ કરવા દેવા તૈયાર થયું હોવાનો ટ્રમ્પનો દાવો, ઇરાનનો ઇન્કાર

**વોશિંગ્ટન,ઈસ્લામાબાદ, 23:** અમેરિકા અને ઈરાન વચ્ચે મંગળવારે એ બાબતે વિવાદ સર્જાયો હતો કે શું તેહરાન યુએન (UN) ના નિરીક્ષકોને બોમ્બમારો કરાયેલી ઈરાનની પરમાણુ સાઈટ્સની મુલાકાત લેવાની મંજૂરી આપવા માટે સહમત થયું છે કે કેમ. આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે અધિકારીઓ તેમના વચ્ચેના યુદ્ધનો કાયમી અંત લાવવા માટેની વાટાઘાટોમાં મધ્યસ્થી કરી રહ્યા છે અને લેબનોનમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. આ વિરોધાભાસી અહેવાલો ત્યારે સામે આવ્યા છે જ્યારે ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મધ્યસ્થી કરી રહેલા પાકિસ્તાની અધિકારીઓ સાથે મુલાકાત કરી રહ્યા છે અને સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી વાતચીત બાદ ટેકનિકલ ટીમો તેની વિગતો પર કામ કરી રહી છે. તેહરાનમાં ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા

...અનુસંધાન પાના 11 પર

### ટ્રમ્પ કહે છે: ઇરાન અમેરિકી મકાઇ, સોયાબીન, ઘઉં ખરીદશે !

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેની શાંતિ વાટાઘાટોને અમેરિકાના ખેડૂતો માટે એક મોટી જીત ગણાવી છે. તેમણે જણાવ્યું છે કે, ઈરાનના ફ્રીઝ કરાયેલા નાણાંને મુક્ત કરવાની બાબતને તે દેશ દ્વારા અમેરિકામાં ઉગાડવામાં આવતી મકાઈ, સોયાબીન અને ઘઉંની ખરીદી સાથે જોડવામાં આવશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું, આ એવી વસ્તુઓ છે જેની ઈરાનને ખૂબ જ સખત જરૂર છે. આ એક માનવીય સંકટ છે, અને મને લાગે છે કે મદદ કરવી

...અનુસંધાન પાના 11 પર

### હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ફસાયેલા નાવિકોને બહાર કાઢવાની યોજના

આ વાટાઘાટો ચાલુ હોવાની સાથે જ, હોર્મુઝની સામુદ્રધુનીમાં ફસાયેલા જહાજોની અવરોધાયેલી અવરજવરને હલ કરવાની યોજના પર કામ ચાલી રહ્યું હોય તેવું જણાય છે. યુનાઇટેડ નેશન્સની એક સંસ્થા, ઇન્ટરનેશનલ મેરિટાઇમ ઓર્ગેનાઇઝેશને મંગળવારે જાહેરાત કરી હતી કે આ સામુદ્રધુની જે પર્સિયન ગલ્ફનું સાંકડું મુખ છે અને જ્યાંથી યુદ્ધ પહેલાં વેપાર થતા કુલ તેલ અને કુદરતી ગેસનો પાંચમો ભાગ પસાર થતો હતો તેમાં ફસાયેલા

...અનુસંધાન પાના 11 પર

### પહાડ પરથી પડી ગયેલા મનાતા કેતન અગ્રવાલના મોતમાં નવો વળાંક

## પુણેના યુવાન ઉદ્યોગપતિને તેની મંગેતર અને તેના પ્રેમીએ ખીણમાં ધકેલી દીધો હતો

**પોલીસ** તપાસમાં જણાયું કે કેતનને તેની વાગદત્તા સિયા અગ્રવાલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીએ ધક્કો મારી દીધો હતો

**સિયા** અને ચેતનની ધરપકડ, બંનેને ફાંસી આપવાની કેતનની માતાની માગ

**ઇન્દોરના** હનીમૂન મર્ડર કેસ જેવી જ મોડસ ઓપરેન્ડી

**પુણે, તા. 23 :** પુણેમાં એક યુવાન ઉદ્યોગપતિનું પહાડ પરથી પડીને



માર્યા જવાના કેસમાં નવો વળાંક આવ્યો છે જેમાં પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, ટ્રેકિંગ દરમિયાન મૃત્યુ પામેલા પુણેના ૨૬ વર્ષીય ઉદ્યોગપતિને તેની વાગદત્તા અને તેના પ્રેમીએ કથિત રીતે ખીણમાં ધકેલી દીધો હતો. ૧૮ જૂનના રોજ પુણે નજીક લોહગઢ કિલ્લા પરથી રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન અગ્રવાલને ખીણમાં ધકેલી દેવા બદલ બંનેની ધરપકડ કરવામાં આવી છે, તેમ પોલીસે જણાવ્યું હતું. અગાઉ, એવું માનવામાં આવતું હતું કે કેતન ફોટા પાડતી વખતે આકસ્મિક રીતે ખીણમાં પડી ગયો

...અનુસંધાન પાના 11 પર

### પાંચ દિવસ પહેલા પણ હત્યાનો પ્રયાસ કર્યો હતો

તપાસમાં સામે આવ્યું છે કે સિયા અને તેના બોયફ્રેન્ડ ચેતને ૧૪ જૂનના રોજ જ લોહગઢ કિલ્લા પર કેતનને મારી નાખવાની યોજના બનાવી હતી. આરોપ છે કે બંનેએ સાપનો ડર બતાવીને તેને ખાઈમાં ધકેલી દેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પ્લાનિંગ નિષ્ફળ ગયું હતું. કેતનને પણ કોઈ શંકા ન ગઈ. આ પછી ૧૯ જૂનના રોજ સિયાએ ફરીથી ટ્રેકિંગનો પ્લાન બનાવ્યો અને કેતનને કિલ્લા પરથી નીચે ધક્કો મારી દીધો.

### બ્રા અને અન્ડરગાર્મેન્ટ્સમાં હાથ નાખીને ચેકિંગ કરાતું હતું

## NEET સેન્ટર પર વિદ્યાર્થિનીઓનું પેડ ચેક કરવા પેન્ટ ઉતરાવ્યું

**કેટલાક** કેન્દ્રો પર શારીરિક ચકાસણી વખતે હદ વટાવાઇ ગઇ હોવાના આક્ષેપો

**વિદ્યાર્થીનીઓના** સેનેટરી પેડ્સ પણ ચકાસાયા: NEET પરીક્ષામાં અંગઝડતીના ચોંકાવનારા કિસ્સા

**નવી દિલ્હી, તા. 23 :** નીટ ફેર પરીક્ષા દરમ્યાન કેટલાક કેન્દ્રો પર ખાસ કરીને વિદ્યાર્થીનીઓ સાથે અભદ્ર વ્યવહારના ચોંકાવનારા અહેવાલો આવ્યા છે.

સોશિયલ મીડિયા પર અત્યારે વ્યાપક આક્રોશ જગાડનારી એક પોસ્ટમાં, હૃષીકા નામની છોકરીએ આરોપ લગાવ્યો છે કે પશ્ચિમ બંગાળની માલદા વિભૂતિભૂષણ હાઈસ્કૂલ સ્થિત તેના પરીક્ષા કેન્દ્ર

...અનુસંધાન પાના 11 પર




### અમેરિકા-ઈરાન સમજૂતી બાદ ભારત આવતા 11 જાહજ હોર્મુઝની સમુદ્રધુનીમાંથી પસાર થયા

## હોર્મુઝનો માર્ગ ખુલતા જ ભારત પહોંચશે લાખો ટન ક્રૂડ ઓઈલ

**285,000** મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ વહન કરતા ભારતનો ધ્વજ ધરાવતા 3 ક્રૂડ ઓઇલ ટેન્કર્સ અને 1 વિદેશી એલપીજી કેરિયર તેમાં સામેલ

**નવી દિલ્હી, તા. 23 (PTI):** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા સમજૂતી કરાર (MoU) બાદ, ભારત આવતા 11 જહાજો હોર્મુઝની સમુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા છે.

વિદેશ મંત્રાલય (MEA)ના પ્રવક્તા રણધીર જયસ્વાલે મંગળવારે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, 17 જૂને આ સમજૂતી પર હસ્તાક્ષર થયા બાદથી અત્યાર સુધીમાં ભારત તરફ આવતા 11 જહાજો આ માર્ગ પરથી નીકળ્યા છે. જેમાં 285,000 મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ વહન કરતા ભારતનો ધ્વજ ધરાવતા 3 ક્રૂડ ઓઈલ ટેન્કર્સ, 1 વિદેશી એલપીજી (LPG) કેરિયર, 1 વિદેશી ક્રૂડ ઓઈલ ટેન્કર અને ખાતર લઈને આવતા 6 વિદેશી બલ્ક કેરિયર્સ સામેલ છે. હાલ પર્શિયન ગલ્ફ ક્ષેત્રમાં ભારતના 10 જહાજો મોજૂદ છે અને તાજેતરમાં 2 ત્યાં પહોંચ્યા છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે થયેલા આ શાંતિ કરાર હેઠળ તમામ સૈન્ય કામગીરી તાત્કાલિક રોકવા, હોર્મુઝની સમુદ્રધુની ફરી ખોલવા અને ઈરાનના બંદરો પરથી અમેરિકી નૌસેનાની નાકાબંધી

...અનુસંધાન પાના 11 પર